

# 12 જાન્યુઆરી – યુવા દિવસ

તારીખ :- 12/01/2026
વાર :-સોમવાર

- **પ્રસ્તાવના :-**

ભારતના મહાન ચિંતક અને યુવાનોના પ્રેરણાસ્ત્રોત એવા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિને સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વિવેકાનંદના વિચારો યુવાનોમાં નવી ઉર્જા, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડનારા છે. આપણી શાળામાં આ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

- **પ્રવૃતિનો હેતુ:-**

આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકીયું જ્ઞાન આપવાને બદલે દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી સ્વામી વિવેકાનંદના વ્યક્તિત્વથી પરિચિત કરાવવાનો હતો. તેમના જીવનના પ્રસંગો આધારિત વીડિયો દ્વારા વિદ્યાર્થીઓ વિવેકાનંદના ચારિત્ર્ય નિર્માણ, માનવ સેવા અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની ભક્તિને ઊંડાણપૂર્વક સમજી શકે તેમજ પોતાના જીવનમાં શિસ્ત અને નૈતિક મૂલ્યો ઉતારી શકે તેવો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

- **પ્રવૃતિની વિગત:-**

યુવા દિવસની ઉજવણીના ભાગરૂપે શાળાના તમામ વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદના જીવનના પ્રેરક પ્રસંગો અને તેમના સંઘર્ષ પર આધારિત વીડિયો બતાવવામાં આવ્યો હતો. આ વીડિયોમાં નરેન્દ્રના બાળપણથી લઈને શિકાગોની ધર્મસભામાં આપેલા ઐતિહાસિક ભાષણ સુધીની સફરને સુંદર રીતે રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ વિવેકાનંદની એકાગ્રતા, નીડરતા અને "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો" ના મંત્રને જીવંત રીતે નિહાળ્યો હતો, જે તેમના માટે ખૂબ જ પ્રોત્સાહન પૂરું પાડનાર સાબિત થયો હતો .

- ઉપસંહાર :-

  સ્વામી વિવેકાનંદ યુવા દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી . આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ એ શીખ મેળવી કે યુવાની એ માત્ર વય નથી, પરંતુ સાહસ અને સેવા કરવાની શક્તિ છે. વિવેકાનંદના વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે અને તે આવનારી પેઢીને હંમેશા માર્ગદર્શન આપતા રહેશે.

- પ્રવૃતિ શિક્ષકશ્રીનું નામ:- રસિકભાઈ આર.પટેલ અને સુજીતસિંહ જે.પરમાર
- પ્રવૃતિના ફોટોગ્રાફ :-










